તાત્કાલિક/સમયમર્યાદા

ક્ર: શવઅ/૧૧૯૮/૧/ઈ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં. ૧૪/૧, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/૦૧/૨૦૧૯

પ્રતિ,

સર્વે મુખ્ય ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પ્રતિનિયુક્તિ સહિત).
સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પ્રતિનિયુક્તિ સહિત).
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પ્રતિનિયુક્તિ સહિત).

વિષય: ડીસેમ્બર-૨૦૧૮ અંતિત Annual Property Return(APR) "સાથી" સોફ્ટવેરમાં ઓનલાઈન ભરવા બાબત.

સંદર્ભ: (૧) એચ.આર.એમ.એસ.સેલ, સા.વ.વિભાગનો તા.૩૧/૦૮/૨૦૧૬નો પરિપત્ર ક્રમાંક: એચઆરએમ/૧૦૨૦૧૬/૪૫૨૨/HRMS cell.
(૨) અત્રેનો તા. ૩૧/૧૨/૨૦૧૮નો સરખા ક્રમાંકનો પરિપત્ર.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ (૧) અને (૨)ના પરિપત્રથી ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૯ની જોગવાઈ અનુસંધાને સરકારી અધિકારીઓએ રજૂ કરવાના થતા પોતાની સ્થાવર-જંગમ મિલકત જાહેર કરવા અંગેના પત્રકો "SATHI" એપ્લીકેશન દ્વારા Online રજૂ કરવા અંગેની જોગવાઈ અમલમાં મુકવામાં આવેલ છે. **આથી ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ તથા વર્ગ-૨ સંવર્ગના તમામ અધિકારીઓએ ડીસેમ્બર, ૨૦૧૮ અંતિત મિલકત પત્રકો તા.૩૧/૧/૨૦૧૯ સુધીમાં ફરજીયાત SATHI સોફ્ટવેર અંતર્ગત online રજૂ કરવાના રહે છે.**

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મિલકત પત્રકો અંગે પ્રસિધ્ધ કરવામાં આવેલ વખતોવખતની સૂચનાઓ મુજબ જે અધિકારી નિયત સમયમર્યાદામાં ઓનલાઈન APR ભરવામાં નિષ્ફળ જશે તો, તેઓ સામે ભવિષ્યમાં બઢતી, ઉચ્ચતર પગાર ધોરણની મંજુરી તથા તાલીમ પ્રોગ્રામમાં જતાં અટકાવવા તેમજ પગારનું ચુકવણું અટકાવવાની કાર્યવાહી કરવામાં આવશે તથા તેઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. આથી વર્તુળ કચેરી હસ્તક (પંચાયત સહિત) ફરજ બજાવતા વર્ગ-૧ તથા વર્ગ-૨ના તાંત્રિક સંવર્ગના તમામ અધિકારીઓના સ્થાવર-જંગમ મિલકત પત્રકો તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં Online submit કરાવા અંગેની સઘળી જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે, જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(કોમલ ભટ્ટ)
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ